વાપીના વોર્ડ નં.2માં સૌથી વધુ મતદારો

વાપી મનપાના 13 વોર્ડના 122 મતદાન મથક, વાપી મનપામાં કુલ 1,13,095 મતદાર

વોર્ડ નંબર 11માં સૌથી ઓછા 5475 મતદાર

વોર્ડ નંબર	મતદારોની કુલ સંખ્યા				મતદાન મથકોની	મતદાન મથક દીઠ સરેરાશ મતદારોની સંખ્યા
	પુરૂષો	સ્ત્રીઓ	અન્ય	કુલ		
1	4314	4104	1	8419	10	842
2	6813	5894	0	12707	13	977
3	4985	3662	0	8647	9	961
4	4282	3625	0	7907	9	879
5	5922	5453	0	11375	12	948
6	5128	4637	0	9765	12	814
7	3595	3589	0	7184	8	898
8	4982	4693	0	9675	10	968
9	4281	4002	0	8283	8	1035
10	4730	3904	2	8636	9	960
11	3011	2464	0	5475	6	913
12	4526	3663	0	8189	9	910
13	3923	2910	0	6833	7	976
	60492	52600	3	113095	122	927

વાપી : વાપી મહાનગરપાલિકાની ચૂંટણીને લઈને તૈયારીઓ તેજ થઈ ગઈ છે. વાપી મનપાના 13 વોર્ડના 122 મતદાન મથકો તેમજ મતદારોની સંખ્યા જાહેર કરવામાં આવી છે. તે જોતા દરેક મતદાન મથકો પર સરેરાશ 927 મતદારોની સંખ્યા જોવા મળે છે. વાપી મનપાની ચૂંટણી માટે મતદાર યાદી જાહેર કરી લોકોને તેમના નામ મતદાર યાદીમાં છે કે નહીં તેની ચકાસણી કરી લેવા મનપા દ્વારા જણાવાયું છે. મતદાર જે વાર્ડમાં રહેતો હોય તેના બદલે તેનું નામ અન્ય વાર્ડમાં હોય તો પણ પુરાવા સાથે મનપાની કચેરીમાં રજૂઆત કરી શકે છે. આ અંગે સાત દિવસનો સમય આપવામાં આવ્યો છે.

વાપી મહાનગરપાલિકાના કુલ 1,13,095 મતદારોની યાદી જાહેર કરવામાં આવી છે. તેમજ વાર્ડ પ્રમાણે મતદારો તથા વાર્ડ પ્રમાણે મતદાન મથકો પ્રમાણે મતદારોની સંખ્યા તથા યાદી જાહેર કરવામાં આવી છે. મનપાની મુખ્ય કચેરી સિવાય આ યાદી ચલા ઝોન કચેરી, ડુંગરા ઝોન કચેરી 11 ગામની જૂની પંચાયત કચેરીઓ જે હવે વોર્ડ કચેરી છે ત્યાં જોવા મળશે. આ પ્રાથમિક યાદીમાં કોઈ વાંધો કે પછી કોઈ સૂચન હોય તો 25 માર્ચથી સાત દિવસની અંદર વાપી મનપા કચેરીએ જરૂરી પુરાવા સાથે લેખિતમાં રજૂ કરી શકશે. વાપી મનપાના 13 વોર્ડમાં સૌથી વધુ મતદાન મથકો વોર્ડ નં.2માં જોવા મળે છે. અહીં 13 મતદાન મથકો છે. જેમાં સરેરાશ 977 મતદારો દરેક બુથમાં જોવા મળે છે. આ વોર્ડમાં મનપાના સૌથી વધુ મતદારો 12,707 જોવા મળે છે. જયારે સૌથી ઓછા મતદાન મથકો વોર્ડ નંબર 11માં જોવા મળે છે. અહીં ફક્ત 6 મતદાન મથકો છે. જેમાં દરેકમાં સરેરાશ 913 મતદારો છે. આ વોર્ડમાં કુલ 5475 મતદારો જોવા મળે છે.

મનપાની મતદારયાદીમાં નામ નહીં હોય તે સંપર્ક કરે

વાપી મનપાના નાયબ મ્યુન્સિપલ કમિશનર તેમજ મદદનીશ મતદાર નોંધણી અધિકારીની એક યાદીમાં જણાવ્યા પ્રમાણે 17 ફેબ્રુઆરીએ લાગત વિધાનસભાની મતદારયાદીમાં નોંધાયેલું હોય પણ મનપાની યાદીમાં 23 માર્ચે જાહેર થયેલી મતદાર યાદીમાં નામ નહીં હોય તેવા મતદારોએ સાત દિવસમાં મનપાની કચેરીમાં જરૂરી પુરાવા સાથે લેખિત રજૂઆત કરવાની રહેશે. એક વોર્ડમાંથી બીજા વોર્ડમાં મતદાર યાદીમાં નામ નોંધાયું હોયને કોઈને વાંધો હોય તો પણ સાત પ્રસિધ્ધિની તારીખથી સાત દિવસમાં મનપા કચેરીનો સંપર્ક કરી શકશે.

વાપી જીઆઈડીસીમાં વાહનની ટક્કરે રાહદારીનું મોત

વાપી : વાપી જીઆઈડીસી વિસ્તારના ફોર્થ ફેઝમાં વાહનની ટક્કરે રાહદારીનું મોત નિપજ્યું હતું. બિહાર અને હાલ વાપી નજીકના કોચરવા ગામ સ્થિત આવેલી ચાલીમાં હિરાલાલ રામેશ્વર મંડલ (ઉ.55) અને ભાણેજ લલબિહારી પરમેશ્વર મંડલ (ઉ.42) સાથે રહે છે. ગત તા.24-3-26 ના રોજ રાત્રિના સાડા અગિયારેક વાગ્યાની આસપાસ લલબિહારી વાપી જીઆઈડીસી ફોર્થ ફેઝ, કેનાલના નાળા ઉપરથી પગપાળા જતો હતો તે સમયે કોઈક વાહનની ટક્કર લાગતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો જ્યાં તેનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગેની ફરિયાદ હિરાલાલ મંડલે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં કરી હતી.

મગોદ ગામમાં પંચાયતના જવાબદાર સભ્યએ જ કાયદાના લીરેલીરા ઉડાડ્યા

વલસાડની મગોદ પંચાયતના સભ્ય અને પૂર્વ સરપંચની ધરપકડ

બેંકમાંથી લોન મેળવવા પંચાયતના સહી-સિક્કાનો દુરૂપયોગ કરી બોગસ દસ્તાવેજો બનાવ્યા હતા

વલસાડ : વલસાડ તાલુકાના મગોદ ગામમાં પંચાયતના જ એક જવાબદાર સભ્ય દ્વારા કાયદાના લીરેલીરા ઉડાડવાની ઘટના સામે આવી છે. મગોદ ગ્રામ પંચાયતના સભ્ય અને પૂર્વ સરપંચ દીપેશ પટેલે બેંકમાંથી લોન મેળવવા માટે પંચાયતના સહી-સિક્કાનો દુરૂપયોગ કરી બોગસ દસ્તાવેજો બનાવ્યા હોવાની ફરિયાદ ઉઠતા ચકચાર મચી ગઈ છે. વલસાડ તાલુકાના મગોદ ગામના પૂર્વ સરપંચ અને હાલના પંચાયત સભ્ય દીપેશ પટેલે અંગત સ્વાર્થ માટે બેંકમાંથી લોન મેળવવાની પેરવી કરી હતી. આ લોન માટે જરૂરી આધાર-પુરાવાઓ એકત્ર કરવાના બદલે તેમણે પંચાયતના હોદ્દાનો દુરુપયોગ કર્યો હતો. આરોપીએ ગ્રામ પંચાયતના સત્તાવાર સહી અને સિક્કાનો ઉપયોગ કરી બનાવટી દસ્તાવેજો તૈયાર કર્યા હતાં. આ છેતરપિંડી લાંબો સમય છૂપી રહી શકી નહીં. જ્યારે આ બોગસ દસ્તાવેજો અંગે મગોદના વર્તમાન સરપંચ અને તલાટીને જાણ થઈ, ત્યારે સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. પંચાયતની જાણ બહાર સહી-સિક્કાનો ઉપયોગ થયો હોવાનું જણાતા મામલો ગંભીર બન્યો હતો. આ મામલે વલસાડ રૂરલ પોલીસ મથકે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદના આધારે એક્શનમાં આવેલી રૂરલ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી દીપેશ પટેલની ધરપકડ કરી લીધી છે. પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરતા અદાલતે 2 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. રૂરલ પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આરોપીએ આ અગાઉ પણ આવા કોઈ બોગસ દસ્તાવેજો બનાવ્યા છે કે કેમ, અને આ કૌભાંડમાં અન્ય કોઈની સંડોવણી છે કે નહીં.

ઘરની નાની વહુએ ઘરેણાંની ચોરી કરી ગિરવે મુકી લોન લઇ લીધી

વલસાડના ભદેલી ગામમાં લેખિત બાંહેધરી બાદ પણ ઘરેણા પરત ન મળતાં આખરે સાસુની વહુ વિરુદ્ધ ફરિયાદ

વલસાડ : ઘરમાં સોના ચાંદીના ઘરેણાની ચોરીની ઘટનામાં અનેક વખત જાણભેદુ હોવાની ઘટના બહાર આવી છે. જેમાં કોઇ દુરના સંબંધી કે કામ કરવા આવતા કોઇ વ્યક્તિ દ્વારા ચોરીની ઘટના બનતી હોય છે. પરંતુ વલસાડના ભદેલી ગામે ચોરીની અનોખી ઘટના બહાર આવી છે. જેમાં ઘરની વહુ જ ઘરમાંથી 21 તોલા જેટલું સોનુ ચોરી તેને ગિરવે મુકી આવી હતી અને તેના પર લોન લીધી હતી. પોલીસની દરમિયાનગીરીથી તેની ચોરી પકડાઇ પરંતુ ઘરેણા પરત ન કરતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, નવસારી અવંતીલેક વીલાસ ભૂતસાડમાં રહેતી એકતા ઈશ્વરભાઈ પટેલના લગ્ન ગત 2 ડિસેમ્બરના રોજ વલસાડના ભદેલી ગામે રહેતા વિજયભાઇ પટેલના પુત્ર ભાવિક સાથે થયા હતાં. લગ્ન બાદ તેણી વલસાડ રહેતી હતી અને સેલવાસ નોકરી કરતી હતી. લગ્નના એક માસ બાદ ઘરની મોટી વહુ કીમી તેના કબાટમાંથી સોનાની નથણી શોધતા તેને મળી આવી ન હતી. ત્યારબાદ ઘરના અન્ય 21.37 તોલાના કિંમત રૂપિયા 11.19 લાખની મત્તાના સોનાના દાગીના પણ મળી આવ્યા ન હતાં. જેને લઇ ઘરેણાની ચોરી થઇ હોવાનું બહાર આવ્યું હતું. ઘરેણાં ક્યાં ગયા અને કોણે લીધા તેની જાણકારી મળી ન હતી. ત્યારે મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. પોલીસે એક પછી એક ઘરના અનેક સભ્યોની પુછતાછ કરી હતી. જેમાં નાની વહુ એકતા પટેલે જ આ ઘરેણા લીધા હોવાની માહિતી બહાર આવી હતી. તેણીએ આ ઘરેણાની ચોરી કરી તેને બીલીમોરા અને વલસાડની સોના સામે લોન આપતી ફાઈનાન્સ કંપનીમાં ગિરવે મુકી તેની સામે લોન લીધી હતી. ત્યારે તેના પતિ અને અન્ય સભ્યોએ તેની સાથે સમજાવટ કરી અને ઘરેણા પરત કરવાની બાંહેધરી લીધી હતી. જોકે, તેણીએ ઘરેણા પરત ન કરતાં તેની સાસુ જયશ્રીબેન પટેલે તેની વિરૂદ્ધ વલસાડ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે બનાવ સંદર્ભે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

વાપી મનપા વિસ્તારમાં શુક્રવારે પાણી પુરવઠો બંધ રહેશે

વાપી : વાપી મનપા વિસ્તારમાં શુક્રવારે પાણી પુરવઠો બંધ રહેશે. રો-વોટર સપ્લાયની મુખ્ય રાયસિંગ મેઇન GRP પાઇપ લાઈનમાં ભંગાણ સર્જાયું હોય જેનું રિપેરીંગ કામ હાથ ધરવામાં આવશે જેને લઈ એક દિવસીય પાણી કાપ મૂકવામાં આવ્યો છે. કાચું પાણી પૂરી પાડતી 900 એમ.એમ ડાયા ધરાવતી મુખ્ય રાયસિંગ લાઈનમાં મોટા પ્રમાણમાં લીકેજ સર્જાયું છે. આ લીકેજને કારણે પાણી પુરવઠા પર માઠી અસર પડી રહી છે અને પાણીની અછત વર્તાઈ રહી છે. આ લાઈનનું તાકીદે સમારકામ (રિપેરિંગ) કરવું અનિવાર્ય હોવાથી શુક્રવાર તારીખ ૨૭/૦૩/૨૦૨૬ ના રોજ સવારથી સાંજ સુધી એક દિવસીય 'શટડાઉન' કરવામાં આવશે. આ શટડાઉનને કારણે જુના મહાનગરપાલિકા હેઠળ આવતા તમામ વિસ્તારોમાં શુક્રવારે પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે અથવા ઓછા પ્રેશરથી મળશે. તેમજ લીકેજ રિપેરિંગનું ટેસ્ટિંગ લીધા બાદ પાણી પુરવઠો ચાલુ કરવામાં આવશે. જ્યારે નવા સમાવેશ ગામોમાં યથાવત પાણી પુરવઠો ચાલુ રહેશે.

ખેરગામમાં ગેબન શાહ બાબાનો ઉર્શ શરીફ ઉજવાયો

ખેરગામ : ખેરગામ બજારમાં આવેલી અને વર્ષોથી હિન્દુ-મુસ્લિમો માટે આસ્થાનું પ્રતિક ગણાતી હઝરત પીર ગૈબન શાહ બાબાની દરગાહ ઉપર સંદલ અને ઉર્સ શરીફનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મુસ્લિમ સુન્નત જમાત દ્વારા દરગાહ કમિટીના પ્રમુખ આદિલ શેખના નિવાસેથી રાતેબે રિફાઇનું જુલૂસ કાઢવામાં આવ્યું હતું. જે ઝંડાચોક બજાર થઈને દરગાહ ઉપર પહોંચ્યું હતું. જેમાં મુસ્લિમ યુવાનોએ પોતાના શરીર ઉપર તીક્ષ્ણ હથિયારો વડે ઝરબ કરી લોકોમાં આકર્ષણ ઝમાવ્યું હતું. ત્યારબાદ દરગાહ પર સંદલ ચઢાવી દુઆ કરવામાં આવી હતી. ત્યારબાદ તમામ લોકો માટે ન્યાઝે આમનું આયોજન કરવામાં આવ્યું હતું. દરગાહ કમિટીના પ્રમુખ આદિલ શેખે આ કાર્યમાં સહકાર આપનાર તમામ લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

નાનાપોંઢાના 10 ગામમાંથી રૂપિયા 5 લાખના એલ્યુમિનિયમ વાયરોની ચોરી

વલસાડ : નાનાપોંઢા વીજ સબ ડિવિઝન હેઠળના વિવિધ ગામોમાંથી રૂપિયા 5 લાખની કિંમતના ત્રિપલ એ.સી.એલ્યુમિનિયમના વીજ કંડક્ટર વાયરની ચોરી થઈ હોવાની ફરિયાદ જુનિયર ઇજનેર નાનાપોંઢા પોલીસમાં નોંધાવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ નાનાપોંઢા સ્થિત દક્ષિણ ગુજરાત વીજ કંપનીમાં જુનિયર ઇજનેર તરીકે ફરજ બજાવતા હેમંત ચીમન પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ ઇલેક્ટ્રિક આસિસ્ટન્ટ દિલીપભાઈએ જણાવ્યું કે અંભેટી તથા પાનસ ગામે 11 કે.વી.ખેતીવાડી ત્રિપલ એ.સી.એલ્યુમિનિયમના વીજ કંડક્ટર વાયર વીજ લાઇનના થાંભલા ઉપરથી કોઈ ચોર ઇસમે કાપીને ચોરી કરી ગયા હોવાની જાણ કરી હતી. ત્યારબાદ ટીમ દ્વારા તપાસ કરતા નાનાપોંઢા, બાબર ખડક, જોગવેલ, વારોલી તલાટ, સુખાલા, અરનાલા, ડેહલી, પાટી ગામોમાંથી પણ કોઈ અજાણ્યા ઈસમે 11 કે.વી.ખેતી ત્રિપલ એ.સી.એલ્યુમિનિયમના 3285.40 કિલો વીજ કંડક્ટર વાયર થાંભલા ઉપરથી ચોરી થઈ હોવાની જાણ કરી હતી. જે મુદ્દે સ્થળ મુલાકાતમાં 26690 મીટર એલ્યુમિનિયમ વીજ વાયરની ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. જે અંતર્ગત તપાસ બાદ પણ કોઈ માહિતી ન મળતા આખરે ડેપ્યુટી ઇજનેર દ્વારા પોલીસ ફરિયાદ કરવાનું નક્કી કરતા છેલ્લા સાત મહિનાના સમય ગાળા દરમિયાન અજાણ્યા ચોર ઇસમ આ વાયર ચોરી કરી ગયા હોવાની ફરિયાદ નાનાપોંઢા પોલીસ મથકે નોંધાવી હતી.

કોથા ગામમાં શ્રી સિકોતર માતાજી મંદિરની ૧૯મી સાલગીરી નિમિત્તે નવચંડી યજ્ઞનું આયોજન

બીલીમોરા : અમલસાડ નજીક કોથા ગામે અતિ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે શ્રી સિકોતર માતાજી મંદિરની ૧૯'મી સાલગીરી નિમિત્તે ભવ્ય નવચંડી યજ્ઞ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર મહોત્સવ તા.૨૯/૦૩/૨૦૨૬, રવિવારના રોજ ઉજવવામાં આવશે. મંદિર પ્રાંગણમાં યોજાનાર આ યજ્ઞ મહોત્સવમાં વહેલી સવારે ૮:૦૦ કલાકે વૈદિક વિધિ મુજબ નવચંડી યજ્ઞનો પ્રારંભ થશે. પંડિતો દ્વારા મંત્રોચ્ચાર સાથે યજ્ઞવિધિ કરવામાં આવશે, જેમાં માઈ ભક્તો મોટી સંખ્યામાં હાજરી આપશે. સાંજે ૫:૦૦ કલાકે પૂર્ણાહુતિ વિધિ યોજાશે, જેમાં યજ્ઞનું સમાપન થશે. યજ્ઞ પૂર્ણ થયા બાદ સાંજે ૬:૦૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં તમામ ભક્તોને પ્રસાદીનો લાભ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. આઈ શ્રી સિકોતર ઉત્સવ સમિતિ કોથા તમામ માઈભક્તોને આ પવિત્ર પ્રસંગે ઉપસ્થિત રહી માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કરવા અને મહાપ્રસાદનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે, શ્રી સિકોતર માતાજી મંદિરની ૧૯મી સાલગીરીનો આ મહોત્સવમાં માઇ ભક્તો ઉપસ્થિત રહે તેવી અપીલ કરવામાં આવે છે.

રૂઝવણીની વિધવાઓને નવરાત્રિમાં સાડીનું વિતરણ

ખેરગામ : ખેરગામ તાલુકા આહિર સમાજ કેળવણી મંડળ દ્વારા વિવિધ જાગૃતિ કાર્યક્રમો, સેમિનારો અને કેમ્પો યોજવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. સાથે ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય, સ્કોલરશીપ, અભ્યાસ સામગ્રી અને માર્ગદર્શન પૂરુ પાડવાના પ્રયાસો વધુ સારા બનાવવામાં આવશે. આહિર સમાજ કેળવણી મંડળે રૂઝવણી ગામની ૨૦ થી વધુ વિધવા મહિલાઓને નવરાત્રિ દરમિયાન સાડી વિતરણ કરી હતી. મંડળના પ્રમુખ ભીખુભાઈ આહિર, મંગુભાઈ આહિર, બાબુભાઈ, ખેરગામના ઠાકોર આહિર, વાડના ભગુભાઈ આહિરના માર્ગદર્શન હેઠળ આ સેવાકીય પ્રવૃત્તિ થઈ હતી.

વાપી રોફેલ કોલેજ ઓફ ફાર્મસીમાં ફાર્મા અન્વેષણ-2026 નું ભવ્ય આયોજન

વાપી : ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા (દમણ-દીવ, દાદરાનગર હવેલી અને ગુજરાત) દક્ષિણ ગુજરાતમાં રજુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીની રોફેલ જી.એમ.બિલાખીયા કોલેજ ઓફ ફાર્મસીમાં દક્ષિણ ગુજરાતની સંયુક્ત ફાર્મસી કોલેજોના સહયોગથી પદ્મભૂષણશ્રી રજુ શ્રોફ વાપી મહાનગરપાલિકા ઓડિટોરિયમ ફાર્મા અન્વેષણ-2026 કાર્યક્રમ ભારતમાં ફાર્મસી શિક્ષણના જનેતા પ્રો.ડો.એમ.એલ.શ્રોફની જન્મજયંતિની ઉજવણીરૂપે યોજવામાં આવ્યો હતો. ફાર્મા અન્વેષણના અતિથિ વિશેષ ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પ્રેસિડેન્ટ ડો.મોન્ટુભાઈ પટેલે આ વર્ષની ફ્યુચર ફાર્મા ઈકોસિસ્ટમ-ફોસ્ટેરીંગ સિનર્જી અમોંગ એકેડેમીયા, ઈન્ડસ્ટ્રી, રિસર્ચ, રેગ્યુલેટરી એન્ડ પ્રેક્ટીસ પર વક્તવ્ય આપ્યુ હતું અને ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ અને તે માટે મળતી આર્થિક સવલતો જેવા અગત્યના વિષયોથી માહિતગાર કર્યા હતાં. રજુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીના પ્રેસિડન્ટ રોટેરિયન ભરત પટેલે રોફેલ ટ્રસ્ટ સંચાલિત તમામ સંસ્થાઓ અને તેની સેવાકીય પ્રવૃત્તિનો ચિતાર આપ્યો હતો. રોફેલ ફાર્મસી કોલેજના આચાર્ય ડો.અરિન્દમપાલે મહેમાનોનું સ્વાગત કર્યુ હતું અને મુખ્ય વક્તા ડો.રાજન દેસાઈએ પ્રવચન આપ્યું હતું. રોફેલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, રજુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીના પ્રો.વોસ્ટ ડો. વિકાસ દેસાઈ, રજિસ્ટ્રાર ડો.પ્રિયકાંત વેદ, જીએસપીસીના પ્રેસિડન્ટ ભરત પટેલ, વાઈસ પ્રેસિડન્ટ કશ્યપ પટેલ, ઈન્ડિયન ફાર્માસિસ્ટ એસોસિએશનના પ્રેસિડન્ટ હાર્દિક બ્રહ્મભટ્ટ, મહારાષ્ટ્ર એપીટીઆઈના ડો. રાકેશ સોમાણી, જીએસપીસી પીસીઆઈ મેમ્બર ડો. અશ્વિન દુધરેજીયા અને સ્ટેટ ફાર્મા અન્વેષણના કન્વીનર ડો.શ્રીકાંત જોષી ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. વિવિધ જિલ્લાના એફડીસીએના આસિસ્ટન્ટ કમિશ્નરો અને ડ્રગ ઈન્સ્પેક્ટરોએ પણ હાજરી આપી હતી.

સંજાણમાં વૃદ્ધાને બંધક બનાવી 1.01 લાખની લૂંટ

બારીની ગ્રીલ તોડી અંદર ઘૂસેલા ત્રણ લૂંટારું ચપ્પૂની અણીએ લૂંટ ચલાવી ફરાર

ઉમરગામ : ઉમરગામ તાલુકાના સંજાણ વિસ્તારમાં લૂંટની એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. સંજાણ બંદર નારગોલ રોડ પર આવેલા 'મઝદા રાઈસ એપાર્ટમેન્ટ' નજીક એક બંગલામાં એકલી રહેતી 70 વર્ષીય વૃદ્ધા નઝમાબેગમ મોહમદ સુલતાન કાસમજીને બંધક બનાવી, ત્રણ અજાણ્યા લૂંટારુઓએ અંદાજે 1,01,600 ની મત્તાની લૂંટ ચલાવી હતી. ગુરુવારે વહેલી સવારે આશરે 2:30 થી 3:30 વાગ્યાના સુમારે, બંગલામાં તોડફોડનો અવાજ આવતા વૃદ્ધા જાગી ગઈ હતી. લાઈટ ચાલુ કરતા જ રૂમમાં 30 થી 35 વર્ષની વયના ત્રણ અજાણ્યા શખ્સો જોવા મળ્યા હતા, જેઓ બારીની લોખંડની ગ્રીલ કાપીને અંદર ઘૂસ્યા હતા. લૂંટારુઓએ વૃદ્ધાના ગળે છરી મૂકી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમને ચૂપ કરી દીધા હતા.

લૂંટારુઓએ કબાટમાંથી 90,600 રોકડા, એચડીએફસી બેંકનું એટીએમ કાર્ડ (પિન નંબર સાથે) અને સોનાની નથણી મળી કુલ 1,01,600 ની લૂંટ કરી હતી. જતી વખતે તેઓ વૃદ્ધાને રૂમમાં પૂરી બહારથી દરવાજો બંધ કરીને નાસી છૂટ્યા હતા. ઉમરગામ પોલીસે આ મામલે ગુનો નોંધી, ગુજરાતી બોલતા આ શખ્સોને પકડી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

બલીઠાના ઝૂપડાઓમાં આગ લાગતા ફાયર દોડતી થઈ

વાપી : વાપી નજીકના બલીઠા દાંડીવાડ સ્થિત મજૂરો દ્વારા બાંધવામાં આવેલા ઝૂપડાઓમાં આગનો બનાવ બન્યો હતો અને વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આસપાસના ચારેક ઝૂપડાઓને પણ ચપેટમાં લીધા હતાં. આગ લાગતા આ વિસ્તારમાં અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. ધૂમાડાના ગોટેગોટા દૂર સુધી નજરે પડતા વાપી મનપાની ફાયર ફાઈટર ટીમ સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આશરે 2 કલાકની જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. આગ કયા કારણોસર લાગી તે જાણી શકાયું ન હતું. જ્યારે ઝૂપડાઓમાં રહેનારા મજૂરો કામ ઉપર નીકળી ગયા હોવાથી કોઈ અણબનાવ બન્યો ન હતો.

વઘઈના ભૂરભેંડી નજીક ખેરના લાકડાં ભરેલી ગાડી ઝડપાઈ

ખેરનાં લાકડા ભરેલી બોલેરો મૂકી ચાલક ફરાર, રૂપિયા ૨.૯૫ લાખનો મુદ્દામાલ જપ્ત

સાપુતારા : દક્ષિણ ડાંગ વન વિભાગનાં ડી.સી.એફ. નિરજકુમારનાં માર્ગદર્શન હેઠળ વઘઇ રેંજનાં આર.એફ.ઓ.ડી.કે.રબારીની ટીમ દ્વારા ગતરોજ રેંજ વિસ્તારનાં લાગુ સઘન જંગલ વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યુ હતુ. તે દરમ્યાન બાતમીનાં આધારે ગેરકાયદે લાકડાની હેરાફેરી રોકવા માટે હાથ ધરાયેલી કડક કાર્યવાહીમાં વઘઇ રેંજની ટીમને મોટી સફળતા મળી છે. ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદ પાસે આવેલા ભુરભેંડી વિસ્તારમાંથી વન વિભાગે પાસ-પરમિટ વગરના ખેરના લાકડા ભરેલી એક બોલેરો પીકઅપ ગાડી ઝડપી પાડી કુલ રૂપિયા ૨.૯૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. મળતી માહિતી મુજબ, દક્ષિણ ડાંગનાં નાયબ વન સંરક્ષક (DCF) નિરજકુમારનાં માર્ગદર્શન અને સૂચના હેઠળ વઘઇ રેન્જના સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે સરહદી માર્ગ પરથી લાકડાની તસ્કરી થવાની છે.

આ બાતમીના આધારે વન વિભાગની ટીમે ભુરભેંડી ખાતે વોચ ગોઠવી હતી. તે દરમિયાન એક બોલેરો પીકઅપ ગાડી નંબર MH 04 HD 7786 પસાર થતા વનકર્મીઓએ પીછો કર્યો હતો. જેને જોઈ ચાલક ભુરભેંડી-પંગારણે રોડ પર ગાડી સાઈડમાં ઊભી રાખી અંધારાનો લાભ લઈને નાસી છૂટ્યો હતો. વઘઇ વન વિભાગે ગાડીમાંથી ગેરકાયદે લઈ જવાતા ખેરના રદ્દ નંગ લાકડા મળી આવ્યા હતા. હાલમાં વઘઇ રેંજનાં આર.એફ.ઓ ડી.કે. રબારીની ટીમે ખેરના લાકડા (૧.૩૭૮ ઘન મીટર) આશરે રૂપિયા ૪૫,૦૦૦ તથા બોલેરો પીકઅપ મળી કુલ રૂપિયા ૨,૯૫,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલમાં વઘઇ રેન્જ વન વિભાગ દ્વારા આ મામલે ગુનો નોંધી ફરાર ચાલકની શોધખોળ અને લાકડા ક્યાંથી લાવવામાં આવ્યા હતા તે અંગે વધુ તપાસ તેજ કરવામાં આવી છે.

પારડી હાઈવે પર એકસાથે 4 વાહન અથડાયા

પારડી : પારડી નેશનલ હાઈવે 48 પર આજે વહેલી સવારે વલસાડ-વાપી ટ્રેક ઉપર એક પછી એક એમ કુલ ચાર વાહનોમાં બે ટ્રક એક કાર અને એક પીકઅપ ટેમ્પો વચ્ચે જોરદાર વાહનો અથડાયા હતાં. આ ઘટનાને પગલે હાઈવે પર વાહનવ્યવહાર ખોરવાયો હતો. પૂરપાટ ઝડપે જઈ રહેલા વાહનો એકબીજા સાથે અથડાતા ટક્કર એટલી જોરદાર હતી કે વાહનોના આગળના ભાગનો ખુરદો બોલી ગયો હતો. આ અકસ્માતમાં ટ્રકચાલકને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી. ટ્રકની કેબિનમાં ફસાયેલા ચાલકને સ્થાનિકો અને તંત્રની મદદથી બહાર કાઢવામાં આવ્યો હતો. ઘટના સ્થળે તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ પહોંચી ગઈ હતી અને ઈજાગ્રસ્ત ચાલકને વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અન્ય વાહનોમાં સવાર લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

ધરમપુરમાં લાખોના વીજતાર કૌભાંડનો પોલીસે કર્યો સફાયો

પોલીસે બોલેરો સાથે ચારની ધરપકડ કરી 9.62 લાખનો મુદ્દામાલ કબજે કર્યો

ધરમપુર : ધરમપુર તાલુકામાં DGVCL ના એલ્યુમિનિયમ વીજતારની ગેરકાયદે હેરફેરનું મોટું કૌભાંડ ઝડપાયું છે. પોલીસે બાતમીના આધારે ત્વરિત કાર્યવાહી કરી બોલેરો પીકઅપ સાથે ચાર આરોપીઓની ધરપકડ કરી કુલ રૂપિયા 9.62 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પીઆઈ નિખિલ ભોયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.એ. વસાવા અને તેમની ટીમે લાકડમાળ કુરગામ ફાટક પાસે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન બોલેરો પીકઅપ (DN 09 N 9880) માં એલ્યુમિનિયમ તાર સાથે મુકેશ ગૌડ, ચેતન ગાંવિત અને કિરણ ગાંવિત નામના ત્રણ શખ્સો ઝડપાયા હતા. તેમની પૂછપરછમાં માલ પૂરો પાડનાર ગોડાઉન સંચાલક ભોલાનાથ રાયનું નામ ખુલતા પોલીસે તેને પણ દબોચી લીધો હતો.

DGVCL ના અધિકારીઓની તપાસમાં આ જથ્થો નાનાપોંઢા વિભા